ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ

છ મહીને યોજાયેલી સભામાં પણ ચર્ચાનો અવકાશ ન મળતા વિપક્ષી નગરસેવકો ગિન્નાયા

વિકાસના કામોમાં ગેરરીતીઓ આચરાતી હોવાના વિપક્ષોએ કરેલા આક્ષેપો

પાલનપુર, તા. ૩૧

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની આજરોજ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં શાસક પક્ષે બહુમતિના જોરે બોર્ડ ચલાવવાનો પ્રયાસ કરી એજન્ડા પરના કામો પર ચર્ચા કર્યા વિના જ કામો મંજુર કરવાનો આગ્રહ સેવતા વિપક્ષ કોંગ્રેસના સભ્યો ગિન્નાયા હતા. છ માસે યોજાયેલી સાધારણ સભામાં પણ શહેરના હીતમાં વિકાસના કામો પર ચર્ચા કરવાને બદલે વિપક્ષી સભ્યોના અવાજને રૂંધવાના શાસક પક્ષના પ્રયાસને વિપક્ષી નગરસેવકોએ લોકશાહીના હનન સમો ગણાવતા શાસક પક્ષ ધ્વારા વિકાસના કામોમાં ચાલતી ધુપ્પલબાજીની પોલ ખુલ્લી ન પડે તે માટે શાસક પક્ષ ચર્ચાથી દુર ભાગતો હોવાના આક્ષેપો કોંગ્રેસના નગરસેવકોએ કર્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સભાની શરૂઆતમાં જ એજન્ડા પરના ૧થી ૨૦ કામોને બહુમિતના જોરે ચર્ચા કર્યા વિના જ મંજુર કરી દઈ ગણતરીની મીનીટોમાં સભા આટોપી લેવાની શાસક પક્ષે તજવીજ હાથ ધરતા વિપક્ષી નગરસેવકો ગિન્નાયા હતા. તેઓએ છ માસે મળેલી સાધારણ સભામાં પણ શહેરના વિકાસના કામો પરત્વે ચર્ચા કરવાને બદલે બહુમતીના જોરે કામો મંજુર કરવા હોય તો બોર્ડ બોલાવવાની જરૂર જ શું છે?તેવો અણિયાળા સવાલો કરી વિકાસના કામો પર ચર્ચા કરવા શાસક પક્ષને પડકાર ફેંક્યો હતો. જોકે, બે-ચાર મુદ્દે ચર્ચા કર્યા બાદ શાસક પક્ષે બાકીના તમામ એજન્ડા પરના કામો મંજુર મંજુર કરીને સભા સંપન્ન કરી દેતા શાસક પક્ષના રવૈયાને લઈને વિપક્ષી નગરસેવકો આશાબેન રાવલ, ગુલશનબેન વખારીયા, ઉષ્માનભાઈ પઠાણ, જીતુભાઈ ઠાકોર સહીતના સભ્યોએ ભારે બળાપો ઠાલવ્યો હતો.આજની સભામાં શહેરમાં ૩ર આંગણવાડી કેન્દ્રો બનાવવા અને અર્બન ડેવલોપમેન્ટ સ્કીમ તળે શહેરમાં ૨ હેલ્થ સેન્ટર અને ૫ હેલ્થ સબ સેન્ટર સહીતના વિકાસના કામો મંજુર કરવામાં આવ્યા હતા.

માજી ધારાસભ્યને બદલે કલેકટરને ભલામણ કામ કરી ગઈ !!!

આજની સભામાં એજન્ડા પરના છેલ્લા કામમાં લાખો રૂપિયાની જમીન પધરાવી દેવાનો ટી.પી.કમીટીનો ઠરાવ પણ ચર્ચાનો વિષય બન્યો હતો. જેનો કોંગ્રેસી નગરસેવક જીતુભાઈ ઠાકોરે ઉગ્ર વિરોધ કર્યો હતો.મોટાભાગના ભાજપી નગરસેવકો પણ આ સોનાની લગડી જેવી જમીનનો ટુકડો કોને અપાયો છે તેનાથી અજાણ જોવા મળ્યા હતા. જેના પગલે ખુદ ભાજપી સહીત વિપક્ષી નગરસેવકોમાં કચવાટની લાગણી જોવા મળી હતી. જાણવા મળ્યા મુજબ જુની પેન્ડીંગ અરજીઓનો નિકાલ કરવાને બદલે પાલીકાના સત્તાધીશોએ અકળ કારણોસર સાવન રજનીભાઈ શાહ નામની વ્યકિતને આ જમીન પધરાવી દીધી હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. આવા જ એક કેસમાં ડો.શોધન શેઠને જમીન ફાળવી આપવાની માજી ધારાસભ્યની ભલામણને ઠેબે ચડાવીને કલેકટરની ભલામણને લઈને આ કેસને પ્રાધાન્ય આપી જમીન પધરાવી દેવાઈ હોવાનો ગણગણાટ ખુદ ભાજપી સભ્યોમાં જ વ્યકત થતો હતો. આમ, ભાજપી નગરસેવકો સહીત શહેર ભાજપ સંગઠને પણ ઉતર્યો અમલદાર કોડીનો સમજીને ખુદ ભાજપના જ માજી ધારાસભ્યની ભલામણને ફગાવી દઈ કલેકટરની ભલામણને અગ્રતા આપતા આ મુદ્દો ચર્ચાની એરણે ચડયો હતો

નાગરીક બેંકની જગ્યા મહીલા બેંકને ફાળવવા માંગ !!!

પાલનપુર નગરપાલિકાની કારોબારી કમીટી ધ્વારા પ્રમુખને પણ અંધારામાં રાખી શહેરની દિલ્હીગેટ વિસ્તારમાં આવેલી જુની નાગરીક બેંકની જગ્યા પાણીના મોલે પધરાવી દેવાનો મુદ્દો આજની સભાં ઉછળ્યો હતો. જેમાં આ જગ્યા વેચી ખાવાના કારસા સામે સ્ટે આપવા બદલ ખુદ વિપક્ષી નગરસેવકોએ પણ પાલિકા પ્રમુખને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, રાજયના મહીલા મુખ્યમંત્રી સ્ત્રી સશકિતકરણના હીમાયતી છે. ત્યારે આ નાગરીક બેંકની જગ્યા મહીલા બેંકને ફાળવવાની અસરકારક રજુઆત આશાબેન રાવલે કરી હતી. તેઓએ આ અંગે કારોબારી કમીટીએ કરેલા ઠરાવ કરતા વધુ રકમ ભરવાની પણ તૈયારી દાખવી હતી. અન્યથા આ જગ્યાની પાલીકાના હીતમાં જાહેર હરાજી કરવાની માંગ કરી હતી.જયારે શહેરના રોડ છ માસમાં જ તુટી જતા હોઈ તેમાં કોન્ટ્રાકટરો ધ્વારા ધુપ્પલબાજી ચલાવાતી હોવાની તથા સત્તાધીશો ધ્વારા જ કોન્ટ્રાકટરોને છાવરવામાં આવતા હોવાની ફરીયાદ કરતા ગુલશનબેન વખારીયાએ આવા કોન્ટ્રાકટરોને બ્લેકલીસ્ટમાં મુકવાની માંગ કરી હતી.જયારે ડોર ટુ ડોર કચરા કલેકશન ટેન્ડર પણ બમણા ભાવે મંજુર કરાયું હોવાના આક્ષેપો થયા હતા. જોકે, ખુદ પાલિકાના ઉપપ્રમુખે પણ ડોર ટુ ડોરમાં ગેરરીતી નિવારવા પોતાના સુચનો લખાવતા ચકચાર મચી જવા પામી હતી.

મોડાસા તાલુકાના રામેશ્વર કંપા ગામે પણ શિવ મંદિરમાં મૂર્તિ ખંડીત કરાતા લોકોમાં રોષ

મોડાસા તા.૩૧

ગઈકાલે સાબરકાંઠા જીલ્લાના ઈડર મુકામે કોઈ અસામાજીક તત્વો દ્વારા શિવમંદિરમાં મુર્તિખંડીત કરી પવીત્ર શ્રાવણ માસમાં હિંદુઓની લાગણી દુભાવવાનો પ્રયાસ કર્યાની ઘટનાને હજુ ૪૮ કલાક જેટલો સમય ગાળો વિત્યો નથી. આ ઘટનાના પડઘમ હજુ તો શાંત થયા નથી ત્યાં તો અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રામેશ્વર કંપા ગામે આવેલ શિવ મંદિરમાં કોઈ અસામાજીક તત્વોએ આ પવિત્ર શ્રાવણ માસમાં જ પાર્વતી માતાની મુર્તિ ખંડીત કરી અને મંદિરના દ્વારને નુકશાન પહોચાડી શાંતી ડહોળવાનો પ્રયાસ કર્યો હતો.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રામપુર ખાતે ભગવાન શિવનુ એક પ્રાચીન મંદીર આવેલુ છે. ત્યાં ગઈકાલે રાત્રીના સમયે કોઈ અસામાજીક તત્વો ધ્વારા હિંદુઓની લાગણી દુભાવી જીલ્લામાં રહેલી શાંતી ડહોળવા પાર્વતીજીનુ મસ્તક ધડથી અલગ કરી દેવાતા અને મંદીરના દ્વારને નુકશાન પહોચાડયુ હતુ. ઘટનાની જાણ વાયુ વેગે સમગ્ર અરવલ્લી જિલ્લામાં ફેલાતાં હિંદુ સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે જયારે બે દિવસ પહેલા જ આવી જ રીતે કોઈ અસામાજીક તત્વો દ્વારા શીવ મંદીરમાં મુર્તી ખંડીત કરાયાની ઘટનાને લઈને અરવલ્લી જીલ્લાનુ તંત્ર તરત જ હરકતમાં આવી ગયુ હતુ અને મોડાસાના અસે. ડી. એમ. મામલતદાર તથા ઉચ્ચ અધિકારીઓ પોલીસ સહીતના ઘટના સ્થળે પહોચી જઈ તપાસ આરંભી દીધી હતી અને આવા અસમાજીક તત્વોને પકડવા ચર્કો ગતીમાન કરી દિધા હતા.

હિન્દુ ધર્મમાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દાન-પુણ્યનું અનેરૂ ધાર્મિક મહત્વ છે. ભાવિકો શ્રાવણ માસમાં દાન પુણ્ય પ્રાપ્ત કરતાં હોય છે. ત્યારે વાડોઠ ગામે રહેવાશંકર મિસ્ત્રી પરિવાર દ્વારા ભગવાનના સ્વરૂપ સમા નાના ભૂલકાઓને તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાલીના વાડોઠ ગામે આવેલી જ્ઞાનદીપ શાળાના બાળકોને રેવાશંકર મિસ્ત્રીના પુત્ર પંકજકુમાર અને કિરણકુમારના હસ્તે શાળાના ૪૦૦ થી વધારે બાળકોને તિથિ ભોજન પિરસવામાં આવ્યું હતું. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

પાલનપુરમાં વિરમાયા સ્મારક સંમેલન યોજાયું

પાલનપુર, તા. ૩૧

પાલનપુર તાલુકાના ગોળા ખાતે સ્થિત સીતારામ બાપુની મઢુલીમાં વિરમાયા સ્મારક સંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિ બંધુઓ જોડાયા હતા.

આ સંમેલનમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન તેમજ ગુજરાત વણકર સમાજના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાએ ઉપસ્થિત જ્ઞાતિ બંધુઓને આવકારી વિરમાયાએ આપેલ બલિદાનનો સાર્થક કરવા સૌએ એક બની યથાશક્તિ યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. જ્યારે અગ્રણી અને સમિતિના પ્રદેશ ઉપપ્રમુખ અનિલ ચકવર્તીએ સંમેલનને સંબોધતા સમાજની એકતા પર ભાર મુકી આવનારી પેઢીને ઐતિહાસિક વારસાને જીવંત રાખવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ડી.પી. પરમાર, ભરત પરમાર, ભરત વી. પરમાર, ડૉ. ગૌતમ પરમાર, વાલજીભાઈ પરમાર સહિત અનેક અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રને સફળ બનાવ્યો હતો.

મેત્રાલ કંપામાં નવ ઈંચ વરસાદ ખાબકતા ઉભા પાકને ભારે નુકશાન

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા તાલુકાના મેત્રાલ કંપા અને આજુબાજુના વિસ્તારમાં મંગળવારે સવારે મેઘરાજાએ દે ધનાદન કરતાં સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો. વરસાદના ભારે જોરના કારણે ઉભો પાક સાફ થઈ જવા પામ્યો છે. ખેતરોના પાળાનુ નામોનીશાન રહ્યુ નથી તથા ખેતરોમાં માટીના થર જામી જતાં ત્રણ ખેડૂતોનો ૧૫ હેક્ટર જેટલો મગફળી અને કપાસનો ઉભો પાક સાફ થઈ જતાં લાખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે.

ખેડબ્રહ્માના પશ્ચિમ પટ્ટામાં આવેલા મેત્રાલ કંપા અને આજુબાજુના વિસ્તારમાં મંગળવારે સવારે નવ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં ખેડૂતોને ભારે નુકશાન થવા પામ્યું છે. મેત્રાલ કંપાના રાજાભાઈ પટેલ તથા પ્રવિણભાઈ પટેલના જણાવ્યા અનુસાર મંગળવારે સવારે મેત્રાલ કંપા અને આજુબાજુના વિસ્તારમાં સાંબેલાધારે પડેલ વરસાદથી સમગ્ર વિસ્તાર જળબંબાકાર થઈ ગયો હતો. બે કલાકમાં નવ ઈંચ વરસાદ ખાબકતાં વરસાદી પાણીને નાળામાં જવાની જગ્યા ન મળતાં ખેતરોના પાળા તોડી ખેતરમાંથી વહેવા લાગ્યા હતા. જેથી ઉભો પાક સાફ થઈ ગયો છે અને ખેતરોમાં માટીના થર જામીગયા છે. જેમાં મેત્રાલ કંપાના અરવીંદભાઈ શામજીભાઈ પટેલ, રમેશભાઈ કરમશીભાઈ પટેલ તથા બાબુભાઈ ભાણજીભાઈ પટેલનો ૧૫ હેક્ટર જેટલો મગફળી અને કપાસના પાકનું નામોનીશાન રહેવા પામ્યું નથી. અને ખેતરોમાં માટીના થર જામ્યા છે. વરસાદનું એટલુ ભારે જોર હતું કે નાળામાં જેટલું પાણી વહે તેટલું પાણી ખેતરોમાં વહેતુ હતુ. જેથી ઉભો પાક તણાઈ જવા પામ્યો છે. આ વરસાદના કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થવાનો અંદાજ છે.

માવતરના રોજગારના કામકાજમાં માલેતુજારો, શહેરીજનો અને ભણેલા-ગણેલા યુવાનો કે કિશોરોનો જ ઈજારો નથી... તેવો સાંકેતિક ઈશારો આ તસવીર પુરો પાડી રહી છે. તલોદ બજારમાં પાણી પુરવઠાની પાઈપલાઈન માટે ચાલતા ખોદકામમાં જોડાયેલા આદિવાસી સમાજના શ્રમજીવી પરિવારોના વડીલ સ્ત્રી-પુરૂષો નિરાંતનો દમ લેવા બે ઘડી આરામ કરતા હતા ત્યારે તેમની એક ભલી-ભોળી નાનકડી બાળકી પોતાના કોમળ હાથમાં ત્રિકમ અને પાવડો ઉઠાવી માવતરે કરી રહેલા ખોદકામમાં મદદ કરતી જણાતી હતી. જાણે કે, તેણે સ્વીકારી જ લીધુ હશે કે... ''આ કરમની કઠણાઈવાળો રોજગાર પોતાના લલાટે પણ લખાયેલો જ હશે..!'' રમકડાં રમવાની કે શાળા પ્રવેશ કરવાની કાચી ઉંમરે ત્રિકમ-પાવડા ઉપાડી શ્રમજીવી પરિવારના ફરજંદ સમી આ બાળકીએ આમ સમાજને ઘણો બધો સંદેશો અને સલાહ પુરી પાડી છે.... માવતરના ધંધા-રોજગારમાં વ્યસ્ત બનીને ત્રિકમથી કરાયેલા ખોદકામની માટી પણ પાવડાથી બહાર કાઢી આ નાનકડી દિકરીએ ધંધા-રોજગારથી દૂર ભાગતા સમાજના 'સુધરેલા મનાતા' યુવાનોને જબરજસ્ત બોધપાઠ પુરો પાડેલ છે.

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

ખેડબ્રહ્મા નજીક હરણાવ નદીમાં માછલી પકડતા માછીમારો સામે કાર્યવાહી કરવા માંગ

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા શહેરમાંથી પસાર થતી હરણાવ નદી કિનારે દરરોજ મોટા પ્રમાણમાં માછીમારો દ્વારા નદીમાંથી માછલી પકડી હિન્દુ ધર્મની લાગણી દુભાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરિણામે ધર્મપ્રેમી જનતામાં રોષ જોવા મળી રહ્યો છે.

ખેડબ્રહ્મા શહેરમાંથી હરણાવ નદી પસાર થાય છે. જ્યાં ત્રણ નદીઓનું સંગમ સ્થાન આવેલ છે. નદીના કિનારે ભૃગુઋષિ મહારાજની પવિત્ર ભૂમિ આવેલી છે. આ સ્થળે શ્રાવણ માસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે આવે છે. પવિત્ર માસમાં પવિત્ર સ્થળે આસપાસના વિસ્તારના માછીમારો સવાર સાંજ નદીએ આવી માછલીઓ પકડી તેનો વેપાર કરી રહ્યા છે. પરિણામે ધાર્મિક સ્થળે આવતા શ્રદ્ધાળુઓની લાગણી દુભાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. પ્રતિબંધિત વિસ્તારમાં માછલી પકડવા માટે આવતા માછીમારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવું શ્રદ્ધાળુઓ ઈચ્છી રહ્યા છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ઉત્તર ગુજરાતની હેમચંન્દ્રચાર્ય યુનીર્વસીટી દ્વારા આજરોજ મોડાસાની મ.લા.યા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળની કોર્મસ કોલેજ ખાતે ઉત્તર ગુજરાતની પ્રથમ ટેબલ ટેનીસ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કુલ ૬૦ વીદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આ સ્પર્ધા મોડાસામાં પ્રથમ વખત યોજાઈ હતી. જેમાં કુલ ૧૫ કોલેજોના ૬૦ વીદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .આ સ્પર્ધામાં સીગંલ અને ડબલની સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ અને આ સ્પર્ધામાં વિજેતા થનારને નેશનલ લેવલ રાજસ્થાનના ઉદેપુર ખાતે ભાગ લેવા જવાનુ રહેશે. જયારે મોડાસાની કોર્મસ કોલેજ ખાતે પ્રથમ વખત આ સ્પર્ધાનુ આયોજન થતાં જેમાં ૧૪ બહેનોએ સીંગલમાં અને ૬ બહેનોએ ડબલમાં ભાગ લીધો હતો.

અરવલ્લી એલસીબી ટીમે નાસતા ફરતા આરોપીને જેલ હવાલે કર્યો

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસની ટીમે આજે આજીવન કેદની સજા ભોગવતો અને પેરોલ પર છુટી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડી ફરી જૂનાગઢ પોલીસને હવાલે કર્યો હતો.

અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ઘણા સમયથી જિલ્લા એલસીબી પોલીસે સમગ્ર જિલ્લામાં સઘન પેટ્રોલિંગ હાથ ધર્યુ છે. અને ટુંકા ગાળામાં જ એક પછી એક બે મોટી સફળતા પ્રાપ્ત કરી હતી ત્યારે આજે જિલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલની ટીમે જૂનાગઢ જેલમાં આજીવન કેદની સજા ભોગવતા અને પેરોલ પર છુટી નાસતો ફરતો આરોપી મુકેશ નિનામાની ધરપકડ કરી હતી. આરોપીને પરત જૂનાગઢ પોલીસને હવાલે કર્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦